રાજકોટનાં મહે. ૧૫ માં એડિશનલ ચીફ જયુડીશિયલ
મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુઃ રાજકોટ

ફોજદારી કેસ નંબરઃ૫૬૮૫૨/૨૦૨૫
આંકઃ—

ફરિયાદીઃ શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપીઃ જયેશભાઈ હીરાભાઈ પાટડિયા

ગુન્હોઃ પ્રોહિબિશન એકટની કલમ—૬૫એએ

—:: ચુકાદો ::—

આજરોજ નામદાર ગુજરાત સ્ટેટ લિગલ સર્વિસ ઓથોરિટીના ઉપક્રમે રાષ્ટ્રિય લોક અદાલત યોજવામાં આવેલ છે. નામદાર ગુજરાત સ્ટેટ લિગલ સર્વિસ ઓથોરિટીના આદેશ મુજબ આજરોજ સ્પેશ્ય સિટિંગ રાખેલ છે.

૧. ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ચાર્જશીટમાં જણાવેલ તારીખ, સમયે અને સ્થળે આરોપીએ ઉપર મુજબનો ગુન્હો કરેલ હોય સદરહુ શિક્ષાપાત્ર ગુન્હાની ફરિયાદ નોંધી અને તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં પ્રોહિબિશન એકટની કલમ—૬૫એએ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

૨. આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પૂરી પાડવામાં આવી.

૩. આરોપીએ ગુન્હો કબૂલ હોવાનું જણાવી અલગથી ગુન્હા કબૂલાત પુરસીસ આપેલ છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ ગરીબ વર્ગના માણસ છે, જેથી તેઓને ઓછામાં ઓછો દંડ કરી, ગુન્હામાંથી મૂકત કરવા અરજ છે. સદરહુ ગુના સંબંધેની આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે, જેમાં પણ આરોપીએ ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે.

૪. આ કેસની હકીકતોને લક્ષમાં લેતા તેમજ આરોપીએ રજૂ કરેલ કબૂલાત પુરસીસને ધ્યાને લેતાં, એવું જણાઈ આવે છે કે, આરોપીની આર્થિક સ્થિતિ સારી નથી અને આરોપીએ સદર ગુનાની કબૂલાત સ્વેચ્છાએ કરેલ છે. વધુમાં, ગુનાની દંડની જોગવાઈ ધ્યાને લેતા અને આરોપીની આર્થિક અને સામાજિક સ્થિતિ ધ્યાને લેતાં, જો આરોપીને દંડ કરીને છોડી મૂકવામાં આવશે તો ન્યાયનો હેતું જળવાશે તે માની નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:: હુકમ ::–

આ કામના આરોપીને પ્રોહિબિશન એકટની કલમ–૬૫એએ મુજબના ગુન્હામાં તકસીરવાર ઠરાવી, આરોપીને રૂપિયા ૨૦૦ (અંકે રૂપિયા બસો પૂરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો તેઓએ ત્રણ દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. આરોપીના જામીનખત અને જાત મુચરકા રદ કરવામાં આવે છે.

આ કામે કબ્જે થયેલ મુદ્દામાલ દારૂનો નાશ કરવાનો હુકમ

કરવામા આવે છે.

આ હુકમ આજરોજ સ્પે.સિટિંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ–૧૩/૧૨/૨૦૨૫
સ્થળ :–રાજકોટ.

(હરીશ હનુમાનપ્રસાદ ગુપ્તા)
૧૫માં એડિશનલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ
રાજકોટ.
(જજ કોડ–જી.જે.૦૧૧૮૨)